નવા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમ આધારિત
દરેક વિભાગની સમજૂતી સાથેનું જવાબી સ્ટડી મટીરિયલ...

ધોરણ
6

ભાગ-1/ભાગ-2

# અલંકાર
# સ્ટડી મટીરિયલ

Best Reference Material




Alankar®
Publication



# અનુક્રમણિકા

## ભાગ : 1


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 1 | પર્વત તારા — પ્રાર્થનાગીત | 04 |
| 2 | વાર્તા રે વાર્તા — વાર્તા | 10 |
| 3 | ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય — પ્રકૃતિનિબંધ | 22 |
| 4 | દૃષ્ટિ પારની સૃષ્ટિ — વિજ્ઞાનકથા | 32 |
| 5 | જય-જય ગરવી ગુજરાત ! — શૌર્યગીત | 43 |
| 6 | રાષ્ટ્રીય શાયર… ઝવેરચંદ મેઘાણી — જીવનચરિત્ર | 49 |
| 7 | નવી નવાઈનું સરઘસ — બાળનાટક | 57 |
| 8 | રામ રાખે તેમ રહીએ — ભજન | 63 |
| 9 | નામનો મોહ છૂટ્યો — પ્રેરકકથા | 69 |
| 10 | લેખણ ઝાલી નો રહી — લોકકથા | 76 |

**પૂરક વાચન**

| | | |
|---|---|---|
| (1) | 'ચાલ ફરીએ…' — ગીત-કાવ્ય | 84 |


## ભાગ : ૨


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 11 | દૂર શું ? નજીક શું ? — ગીત | 98 |
| 12 | અપરાજેય — નવલકથા અંશ | 104 |
| 13 | પરોપકારી મનુષ્યો — હાસ્ય-નિબંધ | 115 |
| 14 | એક ઈડરનો વાણિયો — કથાકાવ્ય | 121 |
| 15 | બે રૂપિયા — વાર્તા | 128 |
| 16 | શેરીએ આવે સાદ — પ્રકૃતિગીત | 135 |
| 17 | સાપુતારાનો પ્રવાસ — પ્રવાસનિબંધ | 140 |
| 18 | એકલો જાને રે… — ગીત | 145 |
| 19 | કોઈ દેખાડો ! — લોકગીત | 152 |

**પૂરક વાચન**

| | | |
|---|---|---|
| (1) | પૈડું — નિબંધ | 157 |
| (2) | પીળક — પ્રેરકકથા | 159 |

| | | |
|---|---|---|
| * | આદર્શ પ્રશ્નપત્ર-1 | 85 |
| * | મારુ નિબંધ લેખન-1 | 89 |
| * | આદર્શ પ્રશ્નપત્ર-2 | 161 |
| * | મારુ નિબંધ લેખન-2 | 165 |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

દરેક એકમની સમજૂતી અને મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓનું સંપૂર્ણ માર્ગદર્શન

# અલંકાર સ્ટડી મટીરિઅલ

પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર

## ધોરણ 2 થી 8 (બધા જ વિષયો)

**વર્ગખંડમાં જવાબો લખવા-લખાવવા, હવે સમય બગાડવાની જરૂર નથી.**

**સ્ટડી મટીરિઅલ અવશ્ય વસાવો.**

Best Reference Material




D-08




F-23




H-26




I-27




E-24




G-24




H-32




J-30

## વિશેષતાઓ



- P.T.C., D.EL.Ed. અને B.Ed. ની પદ્ધતિથી તૈયાર કરેલું મટીરિઅલ.
- દરેક વિષયના દરેક એકમમાં સરળ શરૂઆતથી લઈ વિસ્તૃત પ્રશ્નો-જવાબો એક જ પુસ્તકમાં.
- દરેક એકમના અભ્યાસ-સ્વાધ્યાયના તમામ પ્રશ્નોના જવાબ.
- વ્યાકરણ અને નિબંધોનો સમાવેશ.
- પ્રયોગપોથી અને નકશાપૂર્તિના જવાબો.
- પુનરાવર્તનલક્ષી કસોટીઓ અને આદર્શ પ્રશ્નપત્ર.
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ.

**કુરિયર દ્વારા બુક્સ ઓર્ડર કરવા માટે**
**સંપર્ક નં. : 9558047575 / 9726437575**

Alankar® Publication



# 1. પર્વત તારા (પ્રાર્થનાગીત)

'પર્વત તારા' એક સુંદર પ્રાર્થનાગીત છે. તેના કવિ સુરેશ દલાલ છે. અહીં કવિ કુદરતના દરેક તત્ત્વમાં ઈશ્વરને જુએ છે. એ વાતને પ્રકૃતિનાં તત્ત્વો દ્વારા સુંદર રીતે વર્ણવી છે.

### ● શબ્દાર્થ :

**ખંભા** - ખભા, **સરવર** - સરોવર, **વિશાળું** - વિશાળ, **તારણહાર** - ઈશ્વર, દરેક મુસીબતમાંથી ઉગારનાર, **ત્રાડ** - ગર્જના, **રાડ** - ચીસ, ભયની કે દુઃખની તીખી બૂમ, **કાંઠો** - કિનારો, ઘાટ

### ● સમજૂતી :

'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.' આ પ્રાર્થનાગીતમાં કવિ સુરેશ દલાલ પ્રકૃતિના વિવિધ તત્ત્વોમાં ઈશ્વરનાં દર્શન કરે છે. કવિએ પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની સરખામણી ઈશ્વરનાં અંગો સાથે કરી છે. એ દ્વારા કવિ પ્રકૃતિના કણ-કણમાં ઈશ્વરનાં દર્શન કરે છે.

કવિ પર્વતને ઈશ્વરના પહોળા ને મજબૂત ખભા તરીકે જુએ છે; અને સરોવરમાં ઈશ્વરની આંખનાં દર્શન કરે છે. દરિયાને પરમાત્માનું વિશાળ હૃદય કહ્યું છે. વૃક્ષોમાંથી વહેતો પવન જાણે ઈશ્વરની વાતો કરે છે. વૃક્ષોમાં કવિને ઈશ્વર પ્રત્યક્ષ જણાય છે. મેઘધનુષ્યના સાત રંગોમાં કવિ ઈશ્વરને સુંદર રીતે રમતા નિહાળે છે. તણખલા જેવી સૂક્ષ્મ વનસ્પતિને પણ ઈશ્વર તારે છે. તેમના માટે કશું તુચ્છ નથી. તેઓ સામાન્યમાં સામાન્ય તત્ત્વના, પ્રાણીના તારણહાર છે. ઝરણામાંથી ખળખળ આવતા અવાજમાં કવિ ઈશ્વરનો નાદ સાંભળે છે. પ્રત્યેક ફૂલનાં રંગ અને સુગંધ એ ઈશ્વરની જ ભેટ છે.

ઈશ્વરે સિંહ, વાઘ જેવાં હિંસક પ્રાણીઓને બનાવ્યાં છે તો નાનકડાં કોયલ, બુલબુલ, પતંગિયાં ને તમરાં જેવાં પક્ષીઓના સર્જનહાર પણ ઈશ્વર જ છે.

પરમાત્માએ રચેલા સૂર્ય-ચંદ્રથી આકાશ ઝગમગે છે તો ધરતી પર સૂક્ષ્મ આગિયા ઝગમગે છે. કવિ કહે છે કે કોઈની દુઃખભરી રાડ (ચીસ) અને વાઘ-સિંહ જેવાં પ્રાણીઓની ગર્જનામાં ઈશ્વર જ વસેલાં છે. તે દરેકમાં ઈશ્વરનાં લાડ અને વાત્સલ્ય જ રહેલાં છે. મોરપીંછ જેવી સુંદરતા દેખાડતા ઈશ્વર જાણે મેઘધનુષ્યમાં સંતાકૂકડી રમતાં હોય તેમ ક્યારેક આપણી નજીક તો ક્યારેક આપણાથી દૂર ફર્યા કરે છે.

કવિ કહે છે કે મારું જીવન હોડી જેવું છે. જે અજવાળારૂપી સુખ અને અંધારારૂપી દુઃખના કાંઠા વચ્ચે જીવનરૂપી નદીમાં હાલક-ડોલક થાય છે. આ જીવનનૈયાને હંકારનાર કોણ છે ? હે ઈશ્વર ! એ તું જ કહે ? (ઈશ્વર જ હાંકનાર છે.)

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો :**

**(1) ફૂલ-ફૂલની રંગસુગંધે તારી છે સોગાદ...** – B

(A) ફૂલો જ સુગંધીદાર હોય છે.
**(B) ફૂલોની સુવાસ અને રંગ એ કુદરતી ભેટ છે.**
(C) ફૂલોના રંગ મનમોહક હોય છે.
(D) ફૂલોનો રંગ મેઘધનુષી હોય છે.

**(2) તું તરણાંનો તારણહારો, ઝરણાંનો તું નાદ ?** -**C**

(A) તરણાંને અને ઝરણાંને હલકું બનાવનાર તું જ છે.

(B) તણખલામાં અવાજ આપનાર ઈશ્વર તું જ છે.

**(C) તણખલાંને તારનાર અને ઝરણાંના અવાજમાં ઈશ્વર તું જ છે.**

(D) ઝરણાનો ખળખળ અવાજ ઈશ્વરનું વાજિંત્ર છે.

**(3) એમાં મારી હોડીને આ કોણ હંકારે ?** -**A**

**(A) મારી જીવનનૈયાને કોણ ચલાવતું હશે ?**

(B) હોડીને દરિયામાં કોણ ચલાવતું હશે ?

(C) મને ખબર છે મારી હોડી કોણ હંકારે છે ?

(D) હોડીને દરિયામાં નાવિક ચલાવે છે.

**2. ખોટા વિકલ્પો છેકી સાચું વાક્ય બનાવો :**

**(1) લોકો જુદાં-જુદાં કામ કરીને આજીવિકા મેળવે / વસાવે / કરે.**

- લોકો જુદાં જુદાં કામ કરીને આજીવિકા મેળવે.

**(2) ગુજરાતમાં દિવસે-દિવસે ઉદ્યોગોનો વિકાસ પામ્યો / થયો / ફેલાયો.**

- ગુજરાતમાં દિવસે-દિવસે ઉદ્યોગોનો વિકાસ થયો.

**(3) ભગવાને સૃષ્ટિનું સર્જન કર્યું / થયું / પામ્યું.**

- ભગવાને સૃષ્ટિનું સર્જન કર્યું.

**(4) પરીક્ષા નજીક આવતાં તેણે તૈયારી આરંભી / પૂરી કરી / શરૂઆત કરી.**

- પરીક્ષા નજીક આવતાં તેણે તૈયારી આરંભી.

**3. આપેલા શબ્દોને લાગુ પડતા શબ્દો ઉદાહરણ મુજબ લખો :**

ઉદા.: **દરિયો** -પાણી, હોડી, મોજાં, માછલી, મીઠું, દીવાદાંડી, શંખ, જહાજ.

- **વૃક્ષ** -ડાળી, પાંદડાં, ફૂલ, ફળ, પક્ષી, માળો, થડ, મૂળ, પક્ષીઓ.
- **પર્વત** -પથ્થર, ચઢાણ, પગથિયાં, ઝરણાં, નદી, મંદિર.
- **આકાશ** -તારા, સૂર્ય, ચંદ્ર, સપ્તર્ષિ, નક્ષત્ર, વાદળ, મેઘધનુષ્ય
- **નદી** -પાણી, કાંઠો, હોડી, તરવૈયા, માછલી, છીપલાં.
- **ફૂલ** -સુગંધ, છોડ, પરાગરજ, પાંખડી, રંગ, પતંગિયાં.

**4. ઉદાહરણ મુજબ જોડો અને વાક્ય બનાવો.**

| | | | |
|---|---|---|---|
| **ક.** દરિયો | **1.** રંગ | **અ.** ગરમી | ઉદા. ક-2-ઉ |
| **ખ.** સૂર્ય | **2.** વિશાળ | **આ.** પ્રવાહી | **ખ - 5. - અ** |
| **ગ.** મેઘધનુષ્ય | **3.** ત્રાડ | **ઈ.** કેશવાળી | **ગ - 1. - ઈ** |
| **ઘ.** સિંહ | **4.** કાંઠો | **ઈ.** વરસાદ | **ઘ - 3. - ઈ** |
| **ચ.** નદી | **5.** આકાશ | **ઉ.** ખારાશ | **ચ - 4. - આ** |

ઉદા. : વિશાળ દરિયાની ખારાશની મદદથી આપણે ખૂબ મીઠું પકવીએ છીએ.

(1) આકાશમાં સૂર્ય ખૂબ તપે ત્યારે ગરમી વધારે લાગે છે.

(2) વરસાદ આવે ત્યારે સાત રંગવાળું સુંદર મેઘધનુષ્ય રચાય છે.

(3) ઘેઘૂર કેશવાળી ધરાવતા સિંહની ત્રાડથી ભલભલા કંપી ઊઠે છે.

(4) નદીના બંને કાંઠે તેનું પાણી પ્રવાહી સ્વરૂપે વહે છે.

**5. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો.**

- **સમજ આધારિત પ્રશ્નો**

**(1)* આપણે પ્રાર્થના કેમ કરીએ છીએ ?**

ઉત્તર : પ્રાર્થના કરવાથી આપણને નવીન ઊર્જા મળે છે; અને મનમાં આનંદોલ્લાસ તથા શક્તિનો સંચાર થાય છે. માટે આપણે પ્રાર્થના કરીએ છીએ.

**(2)* તમને કયાં-કયાં કુદરતી સ્થળોએ જવું ગમે છે ? કેમ ?**

ઉત્તર : મને તુલસીશ્યામ તથા ગીર, ગિરનાર જેવાં કુદરતી સ્થળે જવું ગમે છે. કારણ કે ત્યાં જંગલ, પ્રાણી, પક્ષી, પર્વત વગેરે જોવા મળે છે, મને એ ગમે છે.

**(3)* મેઘધનુષ્ય વિશે તમે શું જાણો છો ?**

ઉત્તર: મેઘધનુષ્ય મોટાભાગે ચોમાસામાં જોવા મળે છે. તેનો આકાર ધનુષ જેવો હોય છે. તેમાં સાત રંગ : જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને રાતો હોય છે.

**(4)* નદી, સરોવર, દરિયો, પર્વત વગેરે કેવી રીતે બન્યાં હશે ?**

ઉત્તર: નદી, સરોવર, દરિયો, પર્વત વગેરેનું નિર્માણ પ્રાકૃતિક રીતે થાય છે. જવાળા-મુખી, ભૂકંપ જેવી ઘટનાઓમાંથી ઘણીવાર આ તત્ત્વોનું નિર્માણ થાય છે.

**(5)* આપણે ઈશ્વરને 'તું' કહીને કેમ સંબોધી શકીએ છીએ ?**

ઉત્તર: જેના પ્રત્યે આપણને પોતાપણું લાગે તેને આપણે 'તું' કહીએ છીએ. ઈશ્વર આપણા સર્જનહાર છે એટલે પોતાના છે. તેથી આપણે તેમને 'તું' કહીને સંબોધી શકીએ.

**(6)* દરિયા વિશે તમે શું જાણો છો ?**

ઉત્તર: દરિયો ખૂબ જ વિશાળ હોય છે. તેનું પાણી ખારું હોય છે. તેમાંથી શંખ, છીપલાં, મોતી વગેરે અનમોલ રત્નો મળે છે. દરિયો પોતાની અંદર ઘણી જીવસૃષ્ટિને પોષે છે.

**6. નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો.**

- **સમજ આધારિત પ્રશ્નો.**

**(1) જો નદી આપણને પાણી આપવાની ના કહી દે તો શું થાય ?**

ઉત્તર: 'જળ એ જ જીવન.' આપણું જીવન અને પૃથ્વી પરની તમામ જીવસૃષ્ટિ પાણીના કારણે ટકેલી છે. જો નદી આપણને પાણી આપવાની ના પાડી દે તો, આપણે રસોઈ ન બનાવી શકીએ. આપણાં રોજિંદાં કામ અટકી જાય, તરસ ન છીપાય તો મૃત્યુ પણ થઈ શકે.

**(2) જો વૃક્ષો જ ન હોય તો શું થાય ?**

ઉત્તર: વૃક્ષો આપણને પ્રાણવાયુ આપે છે અને આપણે જે કાર્બનડાયૉક્સાઈડ છોડીએ છીએ તે વૃક્ષો લે છે. જો વૃક્ષો ન હોય તો આપણને પ્રાણવાયુ (ઑક્સિજન) ન મળે; અને તેનાથી જીવન પણ ન રહે. પૃથ્વીનું સમગ્ર સંતુલન બગડી જતાં ગરમી વધે.

**(3) જો સૂર્ય સાવ ઠંડો થઈ જાય તો શું થાય ?**

ઉત્તર: આપણને જીવન ચલાવવા ગરમી, ઠંડી અને વર્ષા ત્રણેયની જરૂર પડે છે. જો સૂર્ય ઠંડો થઈ જાય તો દિવસનું અસ્તિત્વ જ ન રહે. 24 કલાક રાત્રિ જ રહે. વીજળી પર નિર્ભર રહેવું પડે. ખેતીના ઘણા પાક સૂર્યની ગરમીમાં જ થાય છે એ ન થાય અને રોગચાળો વધે.

**(4) જો બધાં જીવજંતુઓ આપણી પૃથ્વી પરથી ગાયબ થઈ જાય તો શું થાય ?**

ઉત્તર: આ સૃષ્ટિમાં કશું જ તુચ્છ નથી. નાનામાં નાનાં પ્રાણી કે જીવજંતુઓ મહત્ત્વ ધરાવે છે. દરેક એકબીજાં પર અવલંબિત હોય

# અલંકાર ગુજરાતી વ્યાકરણ

## (ગુજરાતી શબ્દકોશ, વ્યાકરણ અને લેખન એક જ પુસ્તકમાં)

### ધોરણ 6 / 7 / 8 / માટે અલગ-અલગ પુસ્તકો






**વિશેષતાઓ**

- ધોરણને અનુરૂપ **વિશાળ શબ્દભંડોળ**
- શબ્દોના શુદ્ધ ઉચ્ચારણની સમજ
- સાચી જોડણીનું મહત્ત્વ સમજાવતાં પુસ્તકો
- શબ્દકોશની ઉપયોગિતા
- શબ્દકોશમાંથી શબ્દના અર્થ મેળવવાની યોગ્ય પદ્ધતિની સમજ
- **વ્યાકરણના દરેક મુદ્દાની સૂક્ષ્મ છણાવટ**
- પાઠ્યપુસ્તકના વ્યાકરણ સાથે મહાવરા માટે વિશેષ વ્યાકરણ
- સ્વાધ્યાય દ્વારા સ્વ-અધ્યયનની પ્રવિધિઓ
- લેખનવિકાસ માટે નોંધપાત્ર સચોટ સામગ્રી જેમ કે...
  નિબંધ, વાર્તાલેખન, પત્ર, વિચાર-વિસ્તાર, સંક્ષેપીકરણ અહેવાલ લેખન, પદ્યાર્થગ્રહણ, ગદ્યાર્થગ્રહણ વગેરે...
- **વાંચન, લેખન, પઠન અને શ્રવણ કૌશલ્યને વિકસાવવા માટે સહાયક વિષય વૈવિધ્ય.**
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ